## સંક્ષિપ્ત સમાચાર

### સાવલીમાં વિજયાદશમી પર્વ નિમિત્તે ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા ભવ્ય શસ્ત્ર પૂજન



**સાવલી :** સાવલી નગર ના ભાટિયા મેદાન ખાતે વિજયાદશમી પર્વ નિમિત્તે ધારાસભ્ય અને સંત મહંતો ની પ્રેરક ઉપસ્થિતિમાં ક્ષત્રિય રાજપૂત સમાજ સાવલી ડેસર અને વડોદરા ગ્રામ્ય અને સાવલી પોલીસ દ્વારા આયોજિત ભવ્ય શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ક્ષત્રિયો જોડાયા હતા. અસત્ય પર સત્ય ના વિજય ની ઉજવણીના પર્વ વિજયાદશમી પર્વ નિમિત્તે સાવલી માં ક્ષત્રિય સમાજ દ્વારા મહા શાસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યા હતો સાંજ ના 7 વાગે ક્ષત્રિય રાજપૂત સમાજ સાવલી ડેસર અને સાવલી નગર તેમજ વડોદરા ગ્રામ્ય ક્ષત્રિય સમાજ આયોજિત શસ્ત્ર પૂજન નો કાર્યક્રમ ભાટિયા મેદાન ખાતે રાખવામાં આવ્યો હતો.

### ડભોઇમાં રાજપૂત સમાજની અનોખી પહેલ, પ્રથમવાર તલવાર આરતી

**ડભોઇ :** ડભોઇના ઐતિહાસિક માં ગઢભવાની માતાજીના પૌરાણિક મંદિર ખાતે પ્રથમવાર રાજપૂત સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તલવાર આરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્ષત્રિય સમાજના આગેવાનોએ પરંપરાગત રીતિ-રિવાજ મુજબ માં ગઢભવાની માતાજીની તલવાર આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. માતાજીના પવિત્ર મંદિરના આંગણે યોજાયેલી તલવાર આરતી દરમિયાન ધાર્મિક આસ્થા, ક્ષાત્ર પરંપરા અને શૌર્યનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. ક્ષત્રિય સમાજ માટે તલવાર માત્ર એક શસ્ત્ર નહીં, પરંતુ શક્તિ, શૌર્ય, રક્ષણ અને પરંપરાનું પ્રતીક છે. મહત્વની વાત તો એ છે કે રાજકુમારીઓ એ તલવાર ચલાવી માતાજી ની આરતી કરી હતી. આ પવિત્ર અવસરે માતાજી પ્રત્યેની શ્રદ્ધા સાથે સમાજની ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરંપરાને ઉજાગર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાન તરીકે બ્રહ્મ શક્તિ જાગૃતિ મંચ, ગુજરાતનાં પ્રમુખ શ્રીમતી મીનાબેન મહેતા, છોટાઉદેપુરનાં રાજકુમારીશ્રી તૈયબાકુમારીજી ચૌહાણ, નરેન્દ્રસિંહ અટોદરિયા, સોનલબેન સોલંકી તેમજ ચાંદોદનાં જિલ્લા પંચાયત સદસ્ય લતાબેન અંબાલિયા,ડી.વાય.એસ.પી આકાશ પટેલ,પી.આઈ. એ.ટી,રાકેશ અંબાલિયા,કરણી સેના અધ્યક્ષ રાજ શેખાવત સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મોટી સંખ્યામાં ભક્તો, ક્ષત્રિય સમાજના આગેવાનો અને સમાજના સભ્યોએ ઉપસ્થિત રહી.

### વાઘોડિયા આરએસએસ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા રંગીલા હનુમાનજી મંદિરે શસ્ત્ર પૂજન કાર્યક્રમ



**વાઘોડિયા :** વિજયાદશમી (દશેરા)ના પાવન અવસર પર વડોદરા જિલ્લાના વાઘોડિયા સ્થિત જય અંબે ચાર રસ્તા પાસે રંગીલા હનુમાનજી મંદિરે હિન્દુ સંગઠનો દ્વારા પરંપરાગત રીતે શસ્ત્ર પૂજનનો શાસ્ત્રોત વિધિ મુજબ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS), આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ (AHP) અને રાષ્ટ્રીય બજરંગ દળના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે શસ્ત્રોનું પૂજન કરી ધર્મ તેમજ સમાજ રક્ષાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. શાસ્ત્ર અને શસ્ત્ર એ બંનેથી ધર્મનું રક્ષણ થાય છે. સનાતન સંસ્કૃતિમાં વિજયાદશમી પર્વ નિમિત્તે શસ્ત્રનું પૂજન અનિવાર્ય છે.

### પાવીજેતપુર તાલુકાના ચુડેલ ગામે પ્રા. શાળાના નવા ત્રણ ઓરડાનું લોકાર્પણ કરાયું



**પાવીજેતપુર :** પાવીજેતપુર તાલુકાના ચુડેલ ગામે આજરોજ ચુડેલ પ્રાથમિક શાળાના નવા ત્રણ ઓરડાના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં છોટાઉદેપુર જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા, ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા તેમજ તાલુકા પ્રમુખ નયનાબેન રાજેન્દ્રભાઈ રાઠવા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોની ઉપસ્થિતિમાં ચુડેલ પ્રાથમિક શાળાના નવા ત્રણ ઓરડાઓનું લોકાર્પણ કરી તેને ઉપયોગ માટે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. ચુડેલ પ્રાથમિક શાળાના નવા ઓરડાઓ ઉપલબ્ધ થતાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ગામમાં નવા બાંધકામનું લોકાર્પણ થતાં ગ્રામજનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમ ગામના વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું બની રહ્યો હતો.

### દરાપુરામાં ભવ્ય વરઘોડા બાદ વિશાળ રાવણદહન, આતશબાજીથી ગુંજી ઊઠ્યું ગામ



**પાદરા :** અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમાન વિજયાદશમીના પર્વે પાદરા તાલુકાના દરાપુરા ગામે વર્ષોની પરંપરા મુજબ ભવ્ય રાવણદહનનો કાર્યક્રમ યોજાયો હતો. રાવણદહન પૂર્વે ગામમાં વિવિધ વેશભૂષા સાથે વિશાળ વરઘોડો નીકળ્યો હતો, જે ગ્રામજનો અને ખાસ કરીને બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. દરાપુરા ગામમાં દશેરાના પર્વની ઉજવણી માટે ગ્રામજનો અને યુવાનો દ્વારા ઘણા દિવસ અગાઉથી તૈયારીઓ કરવામાં આવી હતી. દેવી-દેવતાઓ, ભૂતપ્રેત, જાનવરો, હાસ્યપાત્રો અને કાર્ટૂનનાં પાત્રોની વેશભૂષામાં સજ્જ બાળકો અને યુવાનો વરઘોડામાં ઉત્સાહભેર જોડાયા હતા. વિવિધ વેશભૂષાએ વરઘોડાને અનોખો રંગ આપ્યો હતો. વરઘોડો પૂર્ણ થયા બાદ વિશાળ કદના રાવણના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું.

---

### રૂ. ૪.૭૫ કરોડના નવા ભવનનો ઠરાવ મંજૂર, ગોવિંદપુરા તળાવના વિકાસ માટે રૂ. ૧.૭૫ કરોડનું આયોજન

# પાદરા નગરપાલિકામાં ૫૫ થી વધુ વિકાસકામોને મંજૂરી

**સફાઈ** કર્મચારીઓની કામગીરી સામે સેનિટેશન ચેરમેનના સવાલો



(પ્રતિનિધિ) પાદરા, તા.21

પાદરા નગરપાલિકાની સામાન્ય સભામાં પ્રમુખ દીપેશ પંચાલ, ઉપપ્રમુખ ઈલાબેન જોશી અને કારોબારી સમિતિના ચેરમેન સંતોષ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં 55થી વધુ વિકાસકામોને મંજૂરી આપવામાં આવી હતી. સભામાં રૂ. 4.75 કરોડના ખર્ચે નવા નગરપાલિકા ભવનના નિર્માણનો ઠરાવ પસાર કરવા સાથે ત્રણ કાંસના બ્યુટિફિકેશન સહિત વિવિધ કામોને લીલી ઝંડી આપવામાં આવી હતી.

સર્વે નંબર 522 પૈકીની કલેક્ટર દ્વારા મંજૂર કરાયેલી જગ્યા પર નવા નગરપાલિકા ભવનના નિર્માણ માટેનો પ્રસ્તાવ ટેકનિકલ મંજૂરી અર્થે પ્રાદેશિક કમિશનરની કચેરી ખાતે મોકલવામાં આવશે. અમૃત 2.0 યોજના હેઠળ ગોવિંદપુરા તળાવના વિકાસ માટે રૂ. 1.75 કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવા ટેન્ડરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત 15મા નાણાપંચની ગ્રાન્ટમાંથી વિવિધ વિસ્તારોમાં રિચાર્જ વેલ બનાવવા, પાણીની મેઈનલાઈન નાખવા તથા અન્ય સુવિધાઓનાં કામો અંગે પણ કાર્યવાહી થઈ હતી.

સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત કચરો એકત્ર થતો હોય તેવા સ્થળોએ જીવીપી પોઇન્ટ ઊભા કરી વ્યવસ્થિત બનાવવાની કામગીરી અંગે પણ ચર્ચા થઈ હતી. જોકે, સભામાં સેનિટેશન સમિતિના ચેરમેન ડિમ્પલબેન પટેલે સફાઈની કામગીરી સામે ગંભીર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે રજૂઆત કરી હતી કે કેટલાક સફાઈ કર્મચારીઓ માત્ર હાજરી પૂરી બપોર બાદ ઘરે જતા રહેતા હોવાની ફરિયાદો છે, જેના કારણે સફાઈની કામગીરી નબળી જણાય છે. તેમણે સંબંધિત કર્મચારીઓને નોટિસ આપી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

#### પાદરા પાલિકામાં 30 વર્ષથી ભાજપનું શાસન, છતાં સફાઈ સામે સવાલો

પાદરા નગરપાલિકામાં છેલ્લા 30 વર્ષથી વધુ સમયથી ભાજપનું શાસન હોવા છતાં નગરમાં સફાઈની સ્થિતિને લઈને સવાલો ઊઠ્યા છે. નગરપાલિકાની સામાન્ય સભામાં સેનિટેશન સમિતિના ચેરમેન રીમ્પલબેન પટેલે જ સફાઈની કામગીરી અંગે પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન અને ચીફ ઓફિસર સમક્ષ રજૂઆત કરતાં સભામાં ચર્ચા જાગી હતી.

રીમ્પલબેન પટેલે નગરના વિવિધ વિસ્તારોમાં સફાઈની કામગીરી સંતોષકારક ન હોવા અંગે નારાજગી વ્યક્ત કરી હતી. સફાઈ કર્મચારીઓ માત્ર હાજરી પૂરી બપોર બાદ જતા રહેતા હોવાની રજૂઆત કરીને સંબંધિત કર્મચારીઓને નોટિસ આપી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. સેનિટેશન સમિતિના ચેરમેન દ્વારા જ સામાન્ય સભામાં સફાઈના મુદ્દે રજૂઆત થતાં નગરપાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા હતા.

સભામાં સ્ટ્રીટલાઈટ અને વીજ કનેક્શનને લગતી અરજીઓ, દિવાળીના પર્વે નગરપાલિકા કચેરીને રોશનીથી શણગારવા તથા અંબાજી તળાવ પાસે ત્રણ દિવસનો કાર્યક્રમ યોજવા સહિતની દરખાસ્તો પર પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

### પાદરાના મોભા ગામે ઝેરી દવા પી લેતાં ૪૩ વર્ષીય આધેડનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા. 21

પાદરા તાલુકાના મોભા ગામે પત્ની બે બાળકો સાથે પિયર રહેવા ગઈ હોવાથી મનમાં લાગી આવતાં ૪૩ વર્ષીય આધેડે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતાં મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. મોભા ગામના અમીન ખડકી નજીક રાજ ફળિયામાં રહેતા મહિપતસિંહ રતનસિંહ રાજ (ઉં.વ. ૪૩)ની પત્ની મનીષાબેન બે બાળકો સાથે પિયર રહેવા ગઈ હતી. આ બાબતે મનમાં લાગી આવતાં મહિપતસિંહે તા. ૧૯ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે પોતાના ઘરે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. ઝેરી દવા પી લેતાં તેમને સારવાર અર્થે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત નીપજ્યું હતું.

---

### આઠમા નોરતે માતાજીને ચાંદીના આભૂષણો અર્પણ કરી કરાયો ભવ્ય શણગાર

# વાઘવા ધામમાં ૩૦ વર્ષ બાદ માં વાઘેશ્વરી માતાજીના ચાંદીના આભૂષણો પરત

**માતાજીનાં** દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી; ધામમાં ભક્તિમય માહોલ



(પ્રતિનિધિ) બોડેલી, તા.21

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના વાઘવા ગામે આવેલા માં વાઘેશ્વરી માતાજીના ધામમાં નવરાત્રિના આઠમા નોરતે ભક્તિભાવ અને શ્રદ્ધાભેર વિશેષ ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. આશરે 30 વર્ષ બાદ માતાજીના ચાંદીના આભૂષણો ફરીથી ધામમાં લાવવામાં આવતાં સમગ્ર ગામમાં આનંદ અને ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, માં વાઘેશ્વરી માતાજીના ચાંદીના આભૂષણો આશરે 30 વર્ષ પહેલાં પાવીજેતપુર મામલતદાર કચેરીમાં મૂકવામાં આવ્યા હતા. લાંબા સમય બાદ બોડેલી મામલતદાર અને પાવીજેતપુર મામલતદારના સહયોગથી કચેરીમાં રાખવામાં આવેલા આ ચાંદીના આભૂષણો બહાર કાઢી માતાજીના ધામમાં પરત લાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ આ પવિત્ર ચાંદીના આભૂષણો માતાજીને અર્પણ કરવામાં આવ્યા હતા. નવરાત્રિના આઠમા નોરતે ચાંદીના આભૂષણોથી માં વાઘેશ્વરી માતાજીનો ભવ્ય શણગાર કરવામાં આવતાં દર્શન માટે આવેલા ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

લગભગ ત્રણ દાયકા બાદ માતાજીના આભૂષણો ફરીથી ધામમાં પરત આવતાં વાઘવા ગામના લોકોમાં ખુશીની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે માતાજીના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી અને સમગ્ર વાતાવરણ ભક્તિરસથી તરબોળ બન્યું હતું.

### ડભાસામાં જંતુનાશક દવા પીધા બાદ ૧૯ વર્ષીય યુવતીનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા. 21

પાદરા તાલુકાના ડભાસા ગામના ભાથુજી મંદિરવાળા ફળિયામાં રહેતી અક્ષિતા મહેશભાઈ સોલંકી (ઉં.વ.19)નું જંતુનાશક દવા પી લેતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.પોલીસમાં નોંધાયેલી વિગતો મુજબ, ગત તા. 19 ઓક્ટોબરના રોજ બપોરે અક્ષિતાને તેની માતાએ ઘરકામ કરવા બાબતે ઠપકો આપ્યો હતો. આ વાતનું મનમાં લાગી આવતાં તેણે ઘરે જ જંતુનાશક દવા પી લીધી હતી. ત્યારબાદ તેને વડોદરાના વાસણા રોડ પર આવેલી સિનર્જી મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. જોકે, તા. 20 ઓક્ટોબરના રોજ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પાદરા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### શિનોરના ડૉ. જતીન સોની 'જેમ્સ ઓફ ઈન્ડિયા' સન્માન માટે પસંદ

(પ્રતિનિધિ) શિનોર, તા. 21



શિનોરના વતની અને રમતગમત, શારીરિક શિક્ષણ, જિમ્નાસ્ટિક તાલીમ તથા રમત પ્રશાસન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનારા ડૉ. જતીનકુમાર હરજીવન સોનીની પ્રતિષ્ઠિત '14મા જેમ્સ ઓફ ઈન્ડિયા સન્માન-2026' માટે પસંદગી થઈ છે. આ સિદ્ધિથી શિનોર સહિત વડોદરા જિલ્લામાં ગૌરવની લાગણી પ્રસરી છે.

મહારાજા અજમીઢજી સુનાર જન સેવા સંસ્થાન દ્વારા 25 ઓક્ટોબર, 2026ના રોજ નવી દિલ્હીના ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે યોજાનારા મહારાજા અજમીઢ જયંતી સમારોહમાં તેમને સન્માનિત કરવામાં આવશે.

ડૉ. સોનીએ 1979થી 1985 દરમિયાન રાષ્ટ્રીય સ્તરની પુરુષોની કલાત્મક જિમ્નાસ્ટિક સ્પર્ધાઓમાં ચાર સુવર્ણ, ચાર રજત અને છ કાંસ્ય સહિત કુલ 14 પદકો જીત્યા હતા. ત્યારબાદ તેમણે પ્રશિક્ષક, શિક્ષણવિદ્ અને સંશોધક તરીકે રમતવીરોને માર્ગદર્શન આપ્યું હતું. વર્ષ 2002ની કોમનવેલ્થ ગેમ્સમાં તેમણે નિર્ણાયક તરીકે પણ સેવા આપી હતી. તેઓ 2012થી 2019 દરમિયાન સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના સ્થાપક કુલપતિ રહ્યા હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રમત નિયામક તરીકે સેવા આપ્યા બાદ હાલમાં ગુજરાત વિદ્યાપીઠમાં પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ તરીકે કાર્યરત છે.

---

### પુનિયાદમાં સતત ૨૦મા વર્ષે ભવ્ય સાંઈબાબા પાલખીયાત્રા યોજાઈ

(પ્રતિનિધિ) શિનોર, તા. 25



શિનોર તાલુકાના પુનિયાદ ગામે શ્રી સાંઈ પરિવાર પુનિયાદ દ્વારા દશેરાના પવિત્ર પર્વે સતત 20મા વર્ષે શ્રી સાંઈબાબાની ભવ્ય પાલખીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંઈબાબાની 108મી પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા.

બેન્ડવાજા, ઘોડેસવાર સેવકો અને રંગબેરંગી ફૂલોથી શણગારેલી પાલખી સાથે નીકળેલી યાત્રાનું ગામમાં ઠેરઠેર પુષ્પવર્ષા કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. સાઈભક્ત અલ્પેશ મહેન્દ્રભાઈ પટેલના ઘરેથી શરૂ થયેલી પાલખીયાત્રા સમગ્ર ગામમાં ફરી સાંજે મંદિર ખાતે પહોંચી હતી. મંદિરના મહંતે યાત્રાનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મહાઆરતી સાથે યાત્રાની પૂર્ણાહુતિ થઈ હતી.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. પાલખીયાત્રાના દાતા તરીકે અલ્પેશ મહેન્દ્રભાઈ પટેલ પરિવાર તથા મહાપ્રસાદના દાતા તરીકે નાગજીભાઈ અમરાભાઈ પટેલ પરિવારે સેવા આપી હતી. શ્રી સાંઈ પરિવારના મહેશ પટેલે ભક્તો અને સેવાભાવી કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### બોડેલીની ખત્રી વિદ્યાલયમાં વિદ્યાર્થીઓનું સિકલ સેલ સ્ક્રીનિંગ

**તપાસમાં** ૯ વિદ્યાર્થીઓ પોઝિટિવ; આગળની તપાસ અને સારવાર માટે માર્ગદર્શન અપાશે

(પ્રતિનિધિ) બોડેલી, તા. 21

ખત્રી વિદ્યાલય ઉચ્ચતર માધ્યમિક શાળા, બોડેલી ખાતે વિદ્યાર્થીઓના આરોગ્યની જાળવણી અને સિકલ સેલ રોગ અંગે જાગૃતિ લાવવાના હેતુથી આરોગ્ય તપાસ યોજાઈ હતી. પીએચસી મોટીબુમડીના ચિંતકભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓના બ્લડ સેમ્પલ લઈને ડીટીટી ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ તપાસમાં કુલ 250 વિદ્યાર્થીઓનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું, જેમાં 9 વિદ્યાર્થીઓ સિકલ સેલ પોઝિટિવ જણાયા હતા. આ વિદ્યાર્થીઓને આરોગ્ય સુધારણા માટે પ્રાથમિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગામી તપાસ અને યોગ્ય સારવાર માટે શાળાનાં નોડલ ઓફિસર શિક્ષિકા એસ.આઈ. તુરાબ દ્વારા વિદ્યાર્થીઓને પીએચસી મોટીબુમડી આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવશે.

તપાસનો મુખ્ય હેતુ સિકલ સેલની સ્થિતિની વહેલી ઓળખ કરી સમયસર જરૂરી માર્ગદર્શન અને સારવાર ઉપલબ્ધ કરાવવાનો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સિકલ સેલ રોગ અંગે માહિતી આપી આરોગ્ય પ્રત્યે જાગૃત રહેવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય યુ.વાય. ટપલાએ વિદ્યાર્થીઓને યોગ્ય આહાર અને આરોગ્યની કાળજી અંગે માર્ગદર્શન આપ્યું હતું. આરોગ્ય ટીમે પણ જરૂરી તપાસ અને અનુગામી સારવારનું મહત્ત્વ સમજાવ્યું હતું.

### દાયકાઓ બાદ છોટાઉદેપુરમાં દશેરા મેળો યોજાયો, ૩૦ ફૂટના રાવણનું દહન

(પ્રતિનિધિ) બોડેલી, તા. 21



છોટાઉદેપુરમાં દાયકાઓથી બંધ પડેલી પરંપરાગત દહરા (દશેરા) મેળાની પરંપરા જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના પ્રયાસોથી ફરી જીવંત બની છે. વિજયાદશમીના પર્વે એસ.એન. કોલેજના વિશાળ પ્રાંગણમાં દશેરા મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

રાજા-રજવાડાંના સમયથી પ્રચલિત આ પરંપરા સમય જતાં લુપ્ત થઈ ગઈ હતી. અગાઉ છોટાઉદેપુર સ્ટેટના રાજાની નગરચર્યા બાદ મેળો યોજાતો હતો, જેમાં આસપાસનાં ગામોના લોકો ઉમટતા હતા. હવે દાયકાઓ બાદ મેળાનું પુનઃઆયોજન થતાં લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

મેળાની શરૂઆત રામાયણની ચોપાઈઓના ગાન સાથે થઈ હતી. ત્યારબાદ રામલીલાનું મંચન કરવામાં આવ્યું હતું, જેને નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. રામલીલા પૂર્ણ થયા બાદ 30 ફૂટ ઊંચા રાવણના પૂતળા સહિત કુંભકર્ણ અને મેઘનાદનાં પૂતળાંનું દહન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે 'હરિયાળું છોટાઉદેપુર' પહેલ અંતર્ગત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. દશેરા મેળા સાથે પરંપરાના પુનર્જીવન અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

---

### પાદરાની શ્રદ્ધા એવન્યુ સોસાયટીમાં બાળગોપાલોએ કર્યું રાવણદહન

(પ્રતિનિધિ) પાદરા, તા. 21

અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમાન વિજયાદશમી પર્વની પાદરાની શ્રદ્ધા એવન્યુ સોસાયટીમાં અનોખી ઉજવણી કરવામાં આવી હતી. પાદરા-તાજપુરા રોડ પર આવેલી સોસાયટીના બાળકોએ વેસ્ટ પેપર, રંગીન કાગળ અને પૂંઠાંનો ઉપયોગ કરીને ત્રણ ફૂટનું રાવણનું પૂતળું બનાવ્યું હતું.

બાળકોએ બે દિવસની મહેનતથી તૈયાર કરેલા પૂતળાનું વાજતે-ગાજતે દહન કરી 'જય શ્રીરામ'ના નારા લગાવ્યા હતા. બાળકોની સર્જનાત્મકતા, એકતા અને ટીમવર્કની ભાવનાને સોસાયટીના રહીશોએ બિરદાવી હતી. આ અનોખી ઉજવણી દ્વારા બાળકોમાં ધાર્મિક સંસ્કાર, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને સામૂહિક સહકારની ભાવના વિકસાવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### ઓછા વરસાદ વચ્ચે ખેડૂતોની વ્હારે ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 21

વાઘોડિયા તાલુકામાં ચાલુ વર્ષે ઓછા વરસાદને કારણે ખેડૂતોના ઊભા પાકને નુકસાન થવાની ભીતિ ઊભી થઈ છે. વરસાદ ખેંચાતાં સિંચાઈના પાણીની જરૂરિયાત વધી છે. ખેડૂતોની નર્મદા અને દેવ સિંચાઈ કેનાલમાં પાણી છોડવાની માંગને પગલે ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ રૂમી ગામે કેનાલની સ્થળ મુલાકાત લઈ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આ મુલાકાતમાં નર્મદા નિગમ અને દેવ સિંચાઈ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોએ કેનાલના છેવાડાનાં ગામો સુધી પાણી ન પહોંચતું હોવાની રજૂઆત કરી હતી. ધારાસભ્યએ અધિકારીઓને અંતરિયાળ વિસ્તારોના ખેડૂતોને પણ પૂરતા પ્રમાણમાં સિંચાઈનું પાણી મળે તે માટે જરૂરી પગલાં લેવા સૂચના આપી હતી.

અધિકારીઓએ ચંપા કોતર ખાતે ચાલી રહેલું સમારકામ ટૂંક સમયમાં પૂર્ણ કરવાની અને આગામી એક અઠવાડિયામાં કેનાલના છેવાડાનાં ખેતરો સુધી પૂરતા દબાણથી પાણી પહોંચાડવાની ખાતરી આપી હતી. આ ઉપરાંત, બાકી રહેલા ખેડૂતોને સિંચાઈની સુવિધા મળે તે માટે સર્વે કરાવી મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવાની ધારાસભ્યએ ખાતરી આપી હતી. આ બેઠકથી ખેડૂતોમાં રાહતની આશા જાગી છે. ખેડૂતોએ તેમની સમસ્યાઓ રજૂ કરવાની તક આપવા બદલ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો.

### બોડેલીમાં શરદપૂર્ણિમાએ રાસ ગરબાનું ભવ્ય આયોજન

(પ્રતિનિધિ) બોડેલી, તા. 21

બોડેલી ખાતે વૈષ્ણવ સમાજ અને વૈષ્ણવ યુવા સંગઠન દ્વારા આગામી તા. ૨૫ ઓક્ટોબર, રવિવારે શરદપૂર્ણિમાની પાવન રાત્રિએ રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૯ વાગ્યે શ્રી દ્વારકાધીશ મંદિર ચોક, મુખ્ય માર્ગ ખાતે યુવા વૈષ્ણવાચાર્ય પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી આશ્રયકુમારજી મહોદયશ્રી તથા પૂજ્ય શ્રી શરણમ કુમારજી મહોદયશ્રીની મંગલમય ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે. માઁ ભવાની કલાવૃંદના વિષ્ણુભાઈ અને તેમનું ગાયકવૃંદ ગરબાની રમઝટ જમાવશે. આયોજકોએ નગરજનોને પરંપરાગત પોશાકમાં ઉપસ્થિત રહી રાસ ગરબાનો આનંદ માણવા આમંત્રણ આપ્યું છે. કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

### છોટાઉદેપુરમાં રક્તસેવક ડૉ. મનીષ વિદજાનું ભવ્ય સ્વાગત

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 21



ગુજરાતના ૨૩ જિલ્લાઓમાં રક્તદાન અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી નીકળેલી 'રક્તસેવક બાઈક રાઈડ' છોટાઉદેપુર આવી પહોંચતાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રક્તસેવક ડૉ. મનીષ વિદજા અને તેમની ટીમનું નગરપાલિકા પ્રમુખ રજનીબેન રાઠવા સહિતના આગેવાનોએ સ્વાગત કર્યું હતું.

નગરમાં બાઈક રાઈડ યોજી 'મેં ભી રક્તદાતા, હર ઘર રક્તદાતા'નો સંદેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સાંજે ચાર વાગ્યે એસ.એન. કોલેજ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ જશુભાઈ રાઠવા, રાજ્યસભાના સાંસદ મુકેશભાઈ રાઠવા અને ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા સહિતના આગેવાનોએ ટીમનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે પરંપરાગત ટીમલી નૃત્ય દ્વારા આદિવાસી સંસ્કૃતિની ઝલક રજૂ કરાઈ હતી. બંને સાંસદો સહિત ટીમના સભ્યોએ પણ નૃત્યમાં ભાગ લઈ ઉત્સાહ વધાર્યો હતો.

અભિયાન દ્વારા સ્વૈચ્છિક રક્તદાનનું મહત્ત્વ સમજાવી વધુમાં વધુ નાગરિકોને રક્તદાન માટે આગળ આવવા અપીલ કરાઈ હતી. કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ રક્તસેવક ટીમ દાહોદ જિલ્લા તરફ રવાના થઈ હતી.